# ECHO OF HIS CALL

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

## ઇસુ ખ્રિસ્તના સાદનો પ્રતિસાદ GUJARATI

*India's National Spiritual Newspaper*

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAANS

**Editor : S. SAM SELVA RAJ** **16 Languages** **Associate Editor : Bro. Pankaj C. Wadia**

VOL: XXII YEAR OF OUR LORD JESUS CHRIST, 2020 APRIL, MAY, JUNE NO: 5

### પવિત્ર બાઈબલ

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ!!**

**ગીતશાસ્ત્ર : ૩૭ : ૧-૯**

૧. ભુડું કરનારાઓને લીધે તું ખીજવાઇશ નહિ. અને અન્યાય કરનારાઓની ઇર્ષા કરીશ નહિ.

૨. કેમ કે તેઓ તો જલદી ઘાસની પેઠે કપાઈ જશે, અને લીલી વનસ્પતિની માફક ચીમળાઈ જશે.

૩. યહોવા પર ભરોસો રાખ, અને ભલું કર; દેશમાં રહે અને વિશ્ર્વાસુપણાની પાછળ લાગ.

૪. જેથી તું યહોવામાં આનંદ કરીશ; અને તે તારા હૃદયની ઇચ્છાઓ પૂરી પાડશે.

૫. તારા માર્ગો યહોવાને સોંપ; તેના પર ભરોસો રાખ, અને તે તને ફળીભૂત કરશે.

૬. તે તારા ન્યાયીપણાને અજવાળાની પેઠે, અને તારા ન્યાયને બપોરની પેઠે તેજસ્વી કરશે.

૭. યહોવાની આગળ શાંત થા, અને તેની વાટ જો; જે પોતાના માર્ગે આબાદ થાય છે, અને જે કુયુકિતઓથી ફાવી જાય છે, તેને લીધે તું ખીજવાઈશ નહિ.

૮. રોષને છોડ ને કોપનો ત્યાગ કર; તું ખીજવાઈશ મા, તેથી દુષ્કર્મ જ નીપજે છે.

૯. કેમ કે દુષ્કર્મીઓનો સંહાર થશે; પણ યહોવા પર ભરોસો રાખનારાઓ દેશનું વતન પામશે.

## ઇશ્ર્વર જે પડદા પાછળ કામો કરે છે !

**"કેમ કે યહોવા એમ કહે છે કે, તમે પવન જોશો નહિ, તેમ તમે વરસાદ પણ જોશો નહિ, તોપણ એ ખીણ પાણીથી ભરાશે; અને તમે, એટલે તમે તેમ જ તમારા ઢોર તથા તમારા જાનવર પણ પીશે."** (૨ રાજાઓ ૩:૧૭)

**–એન્જેલાઈન એસ. હેન્રી**

ઇશ્ર્વરના માર્ગો રહસ્યમય છે! તે ઇશ્ર્વર છે જે તેમના કામની નકલ કરતા નથી. જે રીતે તેઓ દરેક વ્યક્તિ સાથે વર્તાવ કરે છે તે અનન્ય છે. જો કે એ એજ જરૂરીયાત/સમસ્યા હોય તો પણ તેઓ તેની સાથે દરેક સમયે અલગ રીતે વર્તે છે. ઘણી વખત, આપણે ઇશ્ર્વર સમક્ષ એક નિશ્ચિત માનસિકતા સાથે આવીએ છીએ, એવી અપેક્ષા સાથે કે તેઓ તે કાર્ય એક ચોક્કસ રીતે કરશે. જ્યારે તેઓ તે પ્રમાણે કરશે નહિ જેમ આપણે માગ્યું હોય, ત્યારે આપણે નિરાશ, હતાશ અને હૃદયભંગીત થઈએ છીએ!! પડદા પાછળ ઇશ્ર્વર જે કાર્ય કરે છે તે જોવામાં આપણે નિષ્ફળ જઈએ છીએ. જ્યારે આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણે જવાબ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે, જવાબના અર્થ પર નહિ. તે માટે પવિત્રશાસ્ત્ર ૨ રાજાઓ ૩:૧૭માં કહે છે, "કેમ કે યહોવા એમ કહે છે કે, તમે પવન જોશો નહિ, તેમ તમે વરસાદ પણ જોશો નહિ, તોપણ એ ખીણ પાણીથી ભરાશે." આપણે વરસાદ જોવાની જરૂર નથી, પવન પણ નહિ, ઝાકળ પણ નહિ, પાણીની ઝલક પણ નહિ–ફકત આપણે જોવાની જરૂરીયાત છે કે સવારમાં આપણી ખીણો ભરેલી છે!

ઇશ્ર્વર પડદા પાછળ કામ કરે છે તેનું લાક્ષણિક ઉદાહરણ છે પ્રથમ ઇસ્ટર/પુનરુત્થાનની સવાર. તે તો અંધારી, અસ્પષ્ટ અને ધુંધળી હતી અને તે તો નિરાશા અને ભયથી ઘેરાયેલી હતી. લોકો એટલા ઘબરાયેલા હતા કે તેઓ તેમના ઘરોમાંથી બહાર આવતા ન હતા. શિષ્યો પણ બારણા પાછળ ભરાઈ ગયા હતા. તેમનો એકમાત્ર આગેવાન, જેના પર તેઓએ વિશ્ર્વાસ મુકયો હતો, તેને વધસ્તંભે જડવામાં આવ્યો હતો. હવે કદાચ તે પછી બીજા કોઇનો વારો આવી શકે. તે વખતની સંપૂર્ણ નિરાશાવાદી પરિસ્થિતિ વખતે, થોડી મામૂલી સ્ત્રીઓ હતી જેઓ નબળી અને દુર્બળ મનાતી હતી, તેઓ વહેલી સવારે ઊઠી, પ્રભુને મળવા પોતાની જાતને તૈયાર કરતા.

### પથ્થર કોણ ગબડાવશે ?

જો કે તે બધા તેમની પોતાની સમસ્યાઓ અને ભવિષ્યનાં ભયમાં સપડાયેલા હતાં. હા

અનુસંધાન પાન ૩ પર

૧૯૬૯ થી ... શિક્ષણ દ્વારા ઘણા જીવનોને સ્પર્શ.

# ઈસુના તેડાનો પ્રતિધ્વનિ

અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલી અને આફ્રિકાન્સ-નું માસીક પત્ર.



**"..શાંતિએ જા; તે ઇસ્ત્રાએલના દેવની આગળ જે વિનંતી કરી છે, તે તે સાર્થક કરો."** (૧ શમુએલ ૧:૧૭)

પ્રભુમાં પ્રિય વહાલાઓ,

અને આપણા પ્રભુ અને તારનાર ઇસુ ખ્રિસ્તના અજોડ નામમાં તમને સલામ કરીએ છીએ.

દિવસો ઝડપથી પસાર થતા જાય છે. આપણે આ વરસનો લગભગ ચોથો ભાગ પૂરો કર્યો છે. અમારાં પર જે જવાબદારીઓ છે તે હજુ વધતી જાય છે. અમારે હજુ દુનિયાભરમાં રહેતા વણપહોંચેલા લોકો સુધી સુવાર્તા સાથે કોઈક રીતે પહોંચવાનું છે.

સુવાર્તા વિશે એક જુથના લોકોએ સાંભળ્યું નથી. પણ, બીજુ એક જુથ જેમણે પહેલેથી જ તે મેળવ્યું છે તેમાં તેઓ તેમના દર્શન સાથે અડગ ઊભા રહેતા નથી. ચર્ચો/ મંડળીઓ તેમની જવાબદારીઓ ભુલી ગયા છે અને ધંધાદારી હેતુ સાથે કામ કરવાનું ચાલુ રાખ્યું છે.

"ઘોર તથા ભયંકર વાત દેશમાં બની છે; પ્રબોધકો જુઠુ બોલે છે ને તેઓના કહયા પ્રમાણે યાજકો અધિકાર ચલાવે છે અને મારા લોકને એ ગમે છે; પણ છેવટે તમે શું કરશો?" (યર્મિયા ૫:૩૦,૩૧).

"રાત આવે છે કે જ્યારે કોઈથી કામ કરી શકાતું નથી." (યોહાન ૯:૪). "તું પાયદળોની સાથે દોડયો, પણ તેઓએ તને થકવ્યો, ત્યારે તું ઘોડાઓની બરાબરી કેમ કરશે; જો કે શાંત પ્રદેશમાં તું નિર્ભય છે, તોપણ યર્દનના પૂરમાં તું કેમ કરશે?" (યર્મિયા ૧૨:૫). "કેમ કે મારા લોકોમાં દુષ્ટો દેખાય છે; જેમ પારધીઓ ગુપ્તમાં રહીને તાકે છે તેમ..." (યર્મિયા ૫:૨૬). "કેમ કે તેઓમાંના નાનાથી તે મોટા સુધી સઘળા લોભી થયા છે; અને પ્રબોધકોથી તે યાજક સુધી સઘળા જૂઠાણું ચલાવે છે. કંઈ પણ શાંતિ ન છતાં, તેઓએ "શાંતિ, શાંતિ" બોલીને મારા લોકની દીકરીનો ઘા ઉપર ઉપરથી રુઝાવ્યો છે. (યર્મિયા ૬:૧૩.૧૪)." "યહોવા આમ બોલે છે કે માર્ગોમાં ઊભા રહીને જુઓ ને પુરાતન માર્ગોમાં; જે ઉત્તમ માર્ગ છે તેની શોધ કરીને તમાં ચાલો, એટલે તમારા જીવને વિશ્રાંતિ મળશે; પણ તેઓએ કહયું કે અમે તે માર્ગમાં ચાલીશું નહિ." (યર્મિયા ૬:૧૬).

આ સમયે, આપણાંમાંના મોટા આત્મવિશ્ર્વાસ સાથે, ખ્રિસ્તનો પ્રેમ આપણને સુવાર્તાનો પ્રચાર કરવા ફરજ પાડે છે. (૨ કરિંથીઓને પત્ર ૫:૧૪). આપણા હાથમાંની સુવાર્તા સાથે, આપણે દુનિયા સમક્ષ જવું જોઈએ. આપણે આપણા કુટુંબના લોકોને અને પડોશીઓને અગત્યતાથી કહેવાની જરૂર છે ઇશ્ર્વરના ન્યાય વિશે જે તરતમાં જ બનવાનો છે અને ઇશ્ર્વરના સાર્વકાલિક રાજ્ય વિશે પણ. આપણે સર્વ જાતનાં લોકોને સંપૂર્ણ સુવાર્તા જાહેર કરવાની જરૂર છે.

હવે બહુ થઇ ગયું, આરામદાયક ચર્ચ મકાનોમાં કોઈક વૃતિવાળા સભાજનો સાથે જીવવાનું... જે લોકો સત્ય નથી જાણતા અને તેમના અંત વિશે જાણતા નથી તેવા લોકોના મોટા ભાગના નિકટ આવતા વિનાશ વિશે આપણે કશું વિચારતા નથી?

બહાર આવો અને ઇસુ ખ્રિસ્તના સામર્થ્યને અને તેમની સાર્વભોમકતાને અત્યારની પેઢી સમક્ષ જાહેર કરો. ઇશ્ર્વર દુશ્મન સાથે વ્યવહાર કરી રહ્યા છે જે ભયંકરરીતે વધી રહ્યો છે. આ




**CHIEF EDITORS**
Pastor S. Sam Selva Raj
Angeline Selvakumari Henry, M.A., M.Ed.

**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**ADMINISTRATION**
Bro. N. Prakasam, M.A., General Manager

**EDITORIAL BOARD**
Sis. Jesy Veena Sam
Bro. M. Paulraj, M.A., B.Ed.
Sis. Serena Bevin, M.A., M. Phil., B.Ed.

**ADVISORY BOARD**
Adv. Jose Abraham
Adv. N. Balaji, B.Com., B.L.
Dr. S. Rabinder Boaz, M.S.
Er. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM)
Aud. K. Puratchivendan, M.Com., B.L.
Bro. Rajeswaran Samuel, B.Com.

**PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
**Echo of His Call Printers**
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
**Phone :** (+91-44) 2852 8282
2852 9293, 2854 7766
**Email :** sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
**Websites :**
www.echoofhiscall.org
www.echoofhiscall.com

**Our Ministries:** ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) BIBLECOR - Postal Courses (3 languages) Theological Correspondence Courses (2 languages) Church Planting Nehemiah Bible Colleges Gospel Printing Press Great Commission Partners Village English High School Crusades 100 Prayer Warriors Community Development

આરામનો સમય નથી અને બધાએ તાત્કાલિક કાર્ય કરવાનું છે. અચુક બેશક-કોઈ પણ રીતે-દરેક માર્ગે, આગળ આવો કેટલાકને તો વિનાશથી બચાવો.

ઓહ, ઇશ્વરના લોકો, જેઓને ઇશ્વરની સેવા કરવાનું દર્શન છે પણ ચર્ચોની/મંડળીઓની અંદર વહિવટમાં અને દુનિયામાં ભરાય રહેલા છે, તેઓ બહાર આવો અને તમારૂં પૂર્ણ શરીર, આત્મા ઇશ્વરની સેવા માટે સમર્પિત કરો.

આપણી આગળ આ મોટી ફસલ છે. એવા લોકોની જરૂર છે જેઓ ઇશ્વરની સેવામાં આગળ જઈ શકે છે. તમારૂં જીવન પૂરૂ થાય તે પહેલા અને તમારી તક ચૂકી જવાય તે પહેલા તેમને માટે કામ કરવા આગળ આવો. આજની તાત્કાલિક ફરજ છે સુવાર્તાનો પ્રચાર કરવાની!

ઇસુ ખ્રિસ્તમાં તમારો સેવક,

**એસ. સામ સેલ્વરાજ**

---

(પાન ૧થી આગળ)

સ્ત્રીઓ તેમને મળવા જવાની હતી જેમણે મૂએલાને જીવતા કર્યા હતા, તેમને તેઓ જોવા જવાની હતી, જેમણે ૫૦૦૦ લોકોને પાંચ રોટલી અને બે માછલીમાંથી જમાડ્યા હતા તેમને તેઓ જોવા જવાની હતી, પણ તેઓ તેમની સમસ્યાઓ અને ચિંતાઓની જાળમાં ગુચવાયેલી હતી. ઘણી વખત આપણે ઇશ્વરની હજુરમાં આવીએ છીએ, પણ આપણી સમસ્યાઓ અને લડાઈઓ વચ્ચે સપડાયેલા હોઈએ છીએ. તે સવારે તેમને માટે સમસ્યા શું હતી? “આપણા માટે પથ્થર કોણ ગબડાવશે?”

કેટલીક વખત ઇશ્વરે જે સર્વ ચમત્કારો આપણા જીવનોમાં કર્યા છે તેને આપણે ભુલી જઈએ છીએ. જ્યારે આપણે સમસ્યાનો સામનો કરીએ છીએ, ત્યારે આપણે ઇશ્વરના અસ્તિત્વને માટે જ સવાલ કરવાનું શરૂ કરીએ છીએ. જ્યારે ઇશ્વર આપણી પ્રાર્થનાનો જવાબ આપતા નથી ત્યારે આપણે કહીએ છીએ કે ઇશ્વર સામર્થ્યવાન છે, હું જાણું છું કે તેઓ સર્વ કરી શકે છે, હું જાણું છું કે તેઓ સર્વશક્તિમાન છે, પણ અત્યારે મારી પરિસ્થિતિ ભયાનક છે. તેમાં કોઈ સહાય થઈ શકે તેમ નથી. ઇશ્વર ક્યાં છે? જે કંઈ, સામર્થ્યવાન બાબતો આપણા માટે ભૂતકાળમાં થઈ હતી, તેને ભૂલવા માટે આપણને એક જ ફટકો પૂરતો છે.

## તે તો મોટો પથ્થર હતો

પવિત્રશાસ્ત્ર માર્ક ૧૬:૪માં કહે છે, “પથ્થર ઘણો મોટો હતો.” આજે તમે કદાચ કહો સમસ્યા (પથ્થર) જેનો હું સામનો કરી રહયો છું, તે ફક્ત મોટી નથી, પણ **ઘણી મોટી છે.** મને કોઈ સહાય કરે તેની જરૂર છે, કોઈ મારા માટે કામ કરે તેની મને જરૂર છે; પણ તે કોણ કરશે?

પુનર્નિયમ ૮:૧૫,૧૬ કહે છે, “જેણે તને આગિયા સર્પ તથા વીંછીઓવાળા તથા પાણી વગરની સૂકી જમીનવાળા વિશાળ તથા ભયંકર અરણ્યમાં સંભાળીને ચલાવ્યો, જેણે તારે વાસ્તે ચકમકના ખડકમાંથી પાણી વહેડાવ્યું.., એ સારૂં કે તે તને નમાવે ને આખરે તારૂં ભલું કરવા સારૂં તે તારૂ પારખું કરે.”

ઇશ્વર કોઇક વખત આપણને અંધકારમાંથી લઈ જાય છે, વિશાળ રણમાંથી, જેથી તમે પછીના દિવસોમાં આશીર્વાદ પામી શકો. તમે કદાચ જીવલેણ બાબતોથી ઘેરાયેલા હો, જેમ કે વીંછીઓ, મોટા સાપ, જેઓ તમને મારવા રાહ જોઈ રહયા હોય, તમને સર્વને જોઈ લેવા રાહ જોતા હોય. તે એવું લાગે કે જો તમે ભુલથી પડો, તમે પડી જાવ, તમે નાશ પામો માટે રાહ જોતા હોય. પણ તમે જાણો છો, પવિત્રશાસ્ત્ર શું કહે છે; “હું તને સાપ, વીંછીઓ, મોટા સૂકા રણમાંથી પસાર કરાવીશ.” તે તો ઇશ્વર છે જે તમને દોરે છે. મજબૂત અને હિમ્મતવાન થાવ. અંત સારો છે!!

## તેઓએ ઉપર જોયું!

માર્ક ૧૬:૪ કહે છે, “પણ જ્યારે તેઓએ નજર કરી !! સમસ્યા જે તમે અનુભવો છો, તે મોટી અને નોંધપાત્ર છે, તેથી તમારી ઊંઘમા ખલેલે પડે છે, સર્વસ્વને પરેશાન કરે છે, તે તમારા દરરોજના જીવનને પરેશાન કરે છે અને તમારી માનસિક, શારીરીક અને ભાવનાત્કમ અવસ્થાને અસર કરે છે. પણ પવિત્રશાસ્ત્ર કહે છે કે **જ્યારે તેઓએ નજર ઉપર કરી, તો પથ્થર ગબડાવવામાં આવ્યા હતો.** જ્યારે તમે ઉપર જુઓ-તેનો અર્થ નથી ઉપરની તરફ જોવાનું, પણ હજું આગળ જોવાનું-આગળ-જ્યાં સુધી આગળ જોઈ શકાય. જ્યારે તેમણે તે કર્યુ, સ્ત્રીઓનાં જીવનોમાં બાબતો બદલાઈ ગઈ. વહાલા મિત્રો, તમે કદાચ મોટા પથ્થરનો સામનો કરો તો કૃપા કરીને ઉપર જુઓ-સમસ્યાથી આગળ જુઓ. તમે જોશો કે પથ્થર ગબડાવવામાં આવ્યો છે. ઇશ્વરને વિનંતી કરો કે જે આશીર્વાદો પથ્થર પાછળ છે જે બતાવવા તે તમારી સામે ઉભો છે. ઇશ્વર પડદા પાછળ કામો કરે છે. તેઓ તે સવારે ઉઠે તે પહેલા. કદાચ ઇશ્વરે પથ્થર ખસેડ્યો હશે. આપણી પાસે એવા ઇશ્વર છે જેઓ તેમની રાહ જોઈ રહયા છે તેમને માટે કામ કરે છે. (યશાયા ૬૪:૪). તેઓ સર્વ બાબતો સુંદર કરે છે જે તમે ખરા સમયે જોઈ શકશો. ત્યાં સુધી ધીરજ રાખો અને જુઓ તમારે માટે તેમણે શું રાખી મુક્યુ છે.

## મુસાની લાકડી ઇશ્વરની લાકડીમાં પરિવર્તિત થાય છે :

નિર્ગમનનાં અધ્યાય ૪માં આપણે જોઈએ છીએ કે ઇશ્વર બળતા ઝાડવામાંથી મૂસાને હાંક મારે છે. મૂસા ફક્ત બળતું ઝાડવું જ જોઈ શકતો હતો. તે ઇશ્વરને જોઈ શકતો ન હતો જે તેના ભવિષ્યને બળતા ઝાડવાંની પાછળ ઘડી રહ્યા હતા! ઇશ્વર કામ કરી રહયા હતા!! પડદા પાછળ.!!!

મૂસાને તેના તેડાનો અહેસાસ કરવામાં મદદ માટે, ઇશ્વર બતાવવા માગતા હતા કે તેઓ કોણ છે. તેથી તેમણે મૂસાને ભરવાડની સાદી લાકડી જમીન પર નાખવા કહ્યું અને તે સાપ બની ગઈ. જ્યારે મૂસાએ સાપ જોયો, તે દૂર ભાગ્યો. તે એવો માણસ હતો જે જીવનમાં પડકારોનો સામનો કરી શકતો ન હતો. તે એવો માણસ હતો જે સરળતાથી છોડવા માગતો હતો, તે એવો માણસ હતો જે ઊભો રહી

શકતો ન હતો. તે તેની જવાબદારીઓથી ભાગી જવા કોઈ પણ કારણનો ઉપયોગ કરી શકતો. તે મૂસાની લાક્ષણિકતાઓ હતી. આ કંઈ પ્રથમ વાર થયું ન હતું, તેણે જ્યારે મિસરીને મારી નાખ્યો ત્યારે તે ભાગી ગયો, તે ભાગનારો અને નાસી જનારો માણસ હતો! તેની પાસે તેની સમસ્યાઓનો સામનો કરવાની કે લડવાની હિંમત ન હતી. મનુષ્યો તરીકે આપણે આપણી નિષ્ફળતાઓનો, નિરાશાઓનો અને ભયનો સામનો કરવામાં સંઘર્ષ કરીએ છીએ. આપણે મૂસાની જેમ નાસી જઈએ છીએ!! પણ યાદ રાખો આપણી પાસે એવો ઇશ્વર છે જે સામર્થ્યમાં અદ્ભૂત છે. આપણે જોઈ શકતા નથી ત્યારે પણ તેઓ કામ કરે છે!

## તારો હાથ લાંબો કર!!

“અને યહોવાએ મૂસાને કહ્યું કે તારો હાથ લાંબો કરીને તેની પૂછડી પકડ; અને તેણે પોતાનો હાથ લાંબો કરીને તે પકડ્યો, એટલે તે તેના હાથમાં લાકડી થઈ ગયો.” (નિર્ગમન ૪:૪).

સાપ તો સાપ તરીકે જ રહેશે. પણ તમારે નમવું પડશે, પાસે જાવ, આગળ આવો, અને તેને તમારા હાથોથી પકડો, અને ત્યારે તમે ચમત્કાર જોશો. ત્યાં સુધી સાપ તો સાપ જ રહેશે અને તમારો નાશ કરશે, પણ જો તમે ઇશ્વરના સામર્થ્ય સાથે તેને અડકશો, તો તેજ સાપ તમારા હાથમાં લાકડી બની જશે.

લાકડીનો ઉપયોગ તો અરણ્યમાં ઘેંટાઓના રક્ષણ માટે કરવામાં આવતો હતો. પણ ઇશ્વર સાથેના તેના મેળાપ પછી, તેજ લાકડી સામર્થ્યવાન બની, ચમત્કારો કરતા અને ઘણા લોકોનાં જીવનો બદલતા. “આગળ પહોંચો”, ઇશ્વર તમનો આગળ આવવા કહે છે, જે બાબત તમને ગભરાવે છે, તમને સતાવે છે; તે સામર્થ્યવાન બનશે અને મોટા આશીર્વાદો ફકત તમારા પર જ નહિ પણ તમારી આસપાસનાં બીજા લોકો પર પણ આવશે. હવે તે ભરવાડની લાકડી રહી નથી, હવે તે ઇશ્વરની લાકડી થઈ ગઈ છે. હવે તે ઇશ્વરનું સાધન બન્યું છે.

તમને શું ગભરાવે છે તેનો વિચાર કરો. જે વસ્તુ તે મોટા પથ્થર જેવી તમારા માર્ગની વચમાં ઊભી છે, જે બાબત **અવરોધક પથ્થર** છે એમ તમે વિચારો છો, તે તો **આધારનો પથ્થર** બનશે ઇશ્વરના આશીર્વાદ સાથે. પાછા ફરો અને ઇશ્વરના સામર્થ્ય સાથે જે બાબત તમને સતાવે છે તેનો સામનો કરો, તો તમે આશ્ચર્ય પામશો કે ઇશ્વર શું કરી શકે. **મૂસાની લાકડી ઇશ્વરની લાકડી બની ગઈ જ્યારે તેણે તેના ડરનો સામનો કર્યો ત્યારે.**

વહાલા મિત્રો, તમે ફકત પથ્થર જુઓ છો! પણ યાદ રાખો ઇશ્વર પડદા પાછળ કામ કરે છે. સ્ત્રીઓ પથ્થર વિશે વાતો કરતી હતી... એમ વિચારીને કે કોણ સહાય કરશે. પણ તે પહેલા, તેઓ ત્યાં પહોંચે તે પહેલા, ઇશ્વરે ચમત્કાર ઘડ્યો હતો એ પથ્થર ખસેડાયેલો હતો. યાદ રાખો તેઓ તેમના સમયમાં સર્વ બાબતો સુંદર કરશે. તેઓ તમારા માટે પથ્થર ખસેડશે! પણ તેઓ તે તેમની રીતે તેમના સમયે કરશે.

આમ પ્રથમ પૂનરુત્થાનની પ્રભાત આશાનો પથ્થર બની. પૂનરુત્થાનની સવાર તો યાદ કરવાનો સમય છેઃ જ્યારે હું જોઈ શકતો નથી, ત્યારે તમે કામ કરો છો. જ્યારે હું અનુભવ કરતો નથી, ત્યારે તમે કામ કરો છો. તમે ક્યારે પણ થોભતા નથી. તમે કામ કરતા ક્યારે પણ થોભતા નથી. તમે ક્યારે પણ થોભતા નથી. તમે કામ કરતા ક્યારે પણ થોભતા નથી.

(માર્ગ બનાવનાર–ઓસીનાચી જોસેફ દ્વારા)

♦♦♦

# જીવનની નદી

**“...તે નદી એવી ઊંડી હતી કે હું તેમાં થઈને જઈ શકું નહિ, કેમ કે પાણી વધીને ડુબામણાં થઈ ગયા હતા, ને નદી પાર ઉતરાય એવી નહોતી.”** (હઝકિયેલ ૪૭:૫)

**–પાળક ડેવિડ વિલ્કરસન**

હઝકિયેલ પ્રબોધકને અતુલ્ય દર્શન આપવામાં આવ્યું હતું. ઇશ્વરનો હાથ હઝકિયેલને એક ઊંચા પર્વત પર લઈ ગયો જ્યાં એક માણસ તેની સમક્ષ આવ્યો, “ત્યાં ચળકતા પિત્તળના જેવો દેખાતો એક માણસ હતો” (હઝકિયેલ ૪૦:૩). યોહાને તેવા જ માણસના દર્શનનું વર્ણન કર્યુ હતું જે તેની આગળ પાત્મસ બેટ પર તેણે જોયો હતો, “તેના પગ જાણે ભઠ્ઠીમાં શુદ્ધ થયેલા ચળકતા પિતળના જેવા હતા...”(પ્રક્ટીકરણ ૧:૧૫).

જે વ્યક્તિ વિશે બન્ને ફકરાઓમાં નિર્દેશ કરવામાં આવ્યો છે તે તો બીજુ કોઈ નહિ પણ ખ્રિસ્ત પોતે છે. તેઓ હઝકિયેલને ઇશ્વરના ઘરના દ્વાર પાસે લઈ ગયા, જ્યાં તેમણે હઝકિયેલ પ્રબોધકને અદ્ભુત દર્શન આપ્યું. તે તો ઇશ્વરના લોકોના ભવિષ્યનું દર્શન હતું, એ છતું કરતા કે ખ્રિસ્તનું શરીર કેવું બનશે જ્યારે અંતનો સમય નજીક આવશે ત્યારે.

“પછી તે મને મંદિરના બારણા પાસે પાછો લાવ્યો; અને જુઓ, પૂર્વ તરફ મંદિરના ઊંબરા તળેથી પાણી વહેતાં હતાં, કેમ કે મંદિરનો મોખરો પૂર્વ તરફ હતો; તે પાણી નીચેથી મંદિરની જમણી બાજુએથી વહીને વેદીને દક્ષિણે આવતાં હતા.” (હઝકિયેલ ૪૭:૧)

“તે માણસે માપવાની દોરી હાથમાં લઈને પૂર્વ તરફ ચાલીને, એક હજાર હાથનું અંતર માપ્યું; તેણે મને પાણીમાં થઈને ચલાવ્યો, તે પાણી ઘુંટીસમાં હતાં. તેણે ફરીથી એક હજાર હાથ માપ્યું, ને મને પાણીમાં થઈને ચલાવ્યો, તે પાણી ઘૂંટણસમાં હતા. ફરીથી તેણે એક હજાર હાથ માપ્યું ને મને પાણીમાં થઈને ચલાવ્યો, તે પાણી કમરસમાં હતાં. વળી તેણે.. (હઝકિયેલ ૪૭:૩-૬).”

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વંહેચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર૧૨:૧૩), અને ઝડપ કરવી (૨ તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ અને પ્રાર્થનાની વિનંતીઓ / મુદ્દાઓ- ૧૯ એપ્રિલ ૨૦૨૦ થી ૧૮ મે ૨૦૨૦ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ઈશ્વર કાર્ય કરે છે. સ્તુતિનાં મુદ્દાઓ / વિનંતિઓ

૧૯ એપ્રિલ : ઇશ્વરે અમારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો મેળાવડો જે ૧૬ માર્ચ ૨૦૨૦ના રોજ થયો હતો, તેને આશીર્વાદિત કર્યો છે.

૨૦ એપ્રિલ : ઇશ્વરે અમને વણખેડાયેલા વિસ્તારોમાં સુવાર્તા સાથે પહોંચવામાં કૃપાળું રીતે સહાય કરી છે.

૨૧ એપ્રિલ : અમારી મિનિસ્ટ્રીજમાંના સર્વ સમર્પિત કર્મચારીઓ માટે અમે ઇશ્વરની સ્તુતિ કરીએ છીએ.

૨૨ એપ્રિલ : અમારા મિશન વિસ્તારોનાં કાર્ય માટે અમને સારા સમાચારો મળયા છે.

૨૩ એપ્રિલ : દર રવિવારે અમારા મુખ્ય ચર્ચમાં ચાલતી પાંચ ભાષાઓની સાત ભજનસેવાઓને માટે ઇશ્વરની સ્તુતિ થાઓ.

૨૪ એપ્રિલ : અમારા સર્વ સહસંપાદકો માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

૨૫ એપ્રિલ : અમારૂં સુવાર્તા સાહિત્ય જે ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાય છે અને મિશન વિસ્તારોમાં મોકલાય છે, તેને ઇશ્વરે આશીર્વાદિત કર્યુ છે.

૨૬ એપ્રિલ : અમારી હોસ્પિટલ મિનિસ્ટ્રીજમાં ઇશ્નર ચમત્કારો કરી રહયા છે.

૨૭ એપ્રિલ : અમારા ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજના સર્વ સમર્થકો માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

૨૮ એપ્રિલ : અમારી બાળકોની મિનિસ્ટ્રીમાં નવા સભ્યો ઊમેરીને ઇશ્વરે તેને આશીર્વાદિત કરી છે.

૨૯ એપ્રિલ : અમારા ચર્ચોમાં નવા આત્માઓ સાથે ઇશ્વરે અમને આશીર્વાદિત કર્યા છે.

૩૦ એપ્રિલ : ઇશ્વર અમારા વડિલ પાળક રેવ. એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબને સર્વ દુષ્ટ અત્યાચારોથી રક્ષણ આપે છે.

૦૧ મે : પાછલા મહિનાની અમારી ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજની સર્વ પ્રવૃત્તિઓને ઇશ્વરે આશાર્વાદિત કરી છે.

૦૨ મે : અમારા મિશન વિસ્તારોમાં ઇશ્વર નવા કાર્યકરો લાવ્યા છે.

૦૩ મે : અમારા છાપખાના અને તેના કર્મચારીઓને ઇશ્વર પ્રભુએ આશીર્વાદિત કર્યા છે.

## પ્રાર્થનાનાં મુદ્દાઓ / વિનંતિઓ

૦૪ મે : ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજની આ મહિનાની સર્વ નાણાકિય જરૂરીયાતો પૂરી પાડવા ઇશ્વરને પ્રાર્થના કરશો.

૦૫ મે : વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળા માટે નવા વિદ્યાર્થીઓ.

૦૬ મે : અમે ભારતમાં અને બીજા અન્ય દેશોમાં રાજકીય શાંતિની અપેક્ષા કરીએ છીએ.

૦૭ મે : દુનિયાનાં બધા દેશોની સરહદી વિસ્તારોમાં શાંતિ માટે આવો પ્રાર્થના કરીએ.

૦૮ મે : દુનિયાભરના સર્વ મિશનરીઓને ઇશ્વર રક્ષણ આપે.

૦૯ મે : અમારા સહસંપાદક ભાઈ એમ. પોલરાજ દ્વારા લખવામાં આવેલું પુસ્તક, જેનું મથાળું છે, “ઇશ્વરનું રાજ્ય”, તેને બહુ જલદી પ્રકાશિત કરવામાં ઇશ્વર સહાય કરે.

૧૦ મે : અમારી અફિકન્સ સહસંપાદિકા બહેન મારીએટજે નેલ્શનની સારી તંદુરસ્તી માટે આવો પ્રાર્થના કરીએ.

૧૧ મે : અમારા મુખ્ય ચર્ચ અને બીજી શાખા ચર્ચોના વડિલ સભ્યો માટે આવો પ્રાર્થના કરીએ.

૧૨ મે : અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો માટે આવો પ્રાર્થના કરીએ.

૧૩ મે : આખા જગત પર ઇશ્વર ધાર્મિક જાગૃતિ મોકલે...

૧૪ મે : અમારા નહેમ્યાહ બાઈબલ કોલેજોમાં વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે ઇશ્વર સમર્પિત વિદ્યાર્થીઓ પૂરા પાડે.

૧૫ મે : અમારી નહેમ્યાહ બાઈબલ કોલેજોનો પદવીદાન સમારોહ જે ૧૩મી જૂન, ૨૦૨૦ના રોજ થવાનો છે, તેને માટે પ્રાર્થના કરશો.

૧૬ મે : વૃધાશ્રમમાં રહેતાં સર્વ લોકો માટે આવો પ્રાર્થના કરીએ.

૧૭ મે : ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજની અનેકવિધ પ્રવૃતિઓ માટે આવો પ્રાર્થના કરીએ.

૧૮ મે : દૂરસ્ અંતરિયાળ વિસ્તારોમાં સુવાર્તા પ્રચાર કરનાર દરેક જણ માટે આવો પ્રાર્થના કરીએ.

(પાન૪ થી આગળ...)

"નદીની પાસે તેના બન્ને કાંઠે ખાવા લાયક ફળ આપનારાં સર્વ વૃક્ષ થશે, તેમનાં પાન કરમાશે નહિ, ને તેમને ફળ આવતાં બંધ પડશે નહિ; તેને દર માસે નવાં ફળ આવશે, કેમ કે તેનાં પાણી પવિત્રસ્થાનમાંથી નીકળે છે; તેના ફળ ખાવાના કામમાં ને તેનાં પાન દવાનાં કામમાં આવશે." (હઝકિયેલ ૪૭:૧૨).

પવિત્રશાસ્ત્રમાં પાણીની છબીઓ મોટા ભાગે હમેશાં ઇશ્વરનાં આત્માનું પ્રતિનિધિત્વ કરે છે. આ દર્શન સ્પષ્ટ રીતે છેલ્લા દિવસોમાં પવિત્ર આત્માનો જોરદાર રેડાવાને પ્રગટ કરે છે. તે દર્શન તેની ગુંજાશમાં ઘણું જોરદાર, ઘણું જબરદસ્ત હતું કે હઝકિયેલ તેને સમજી શક્યો નહિ. તે તેના અર્થ વિશે પણ કઈ કહીં શક્યો નહિ; ફકત તે દર્શન સમાપ્ત થાય તે પહેલા તેને વિશે જણાવી શકયો હતો, ત્યારે ઇશ્વરે તેને થોભાવ્યો અને હઝકિયેલને પૂછયુ હતું, "તે આ જોયું?"(હઝકિયેલ ૪૭:૬).

આ દર્શને હઝકિયેલને નક્કી આશ્ચર્યચકિત કર્યો હશે; કદાચ તે આ દર્શન સમજી શક્યો નહિ. જૂના કરારના સર્વ પ્રબોધકોને ખ્રિસ્ત માટે મર્યાદિત દર્શન હતું.

## પવિત્ર આત્માનું રેડાવું

"જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે, તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે." (યોહાન ૭:૩૮)

હઝકિયેલને બતાવવામાં આવ્યું હતું કે છેલ્લા દિવસોમાં ઇસુ ખ્રિસ્તની મંડળી વધુ ગૌરવવાન થશે. તેના સંપૂર્ણ ઇતિહાસમાં વધુ વિજયવંત થશે. તેમની મંડળી સામર્થ્ય અને ગૌરવમાં પ્રકાશિત થતી જશે. તે ઇસુના પ્રકટીકરણનો સંપૂર્ણ આનંદ લેશે જેને કોઈએ પણ ક્યારે જાણ્યું ન હોય.

મંડળી / ચર્ચ પ્રથમની મંડળી / ચર્ચ અને અસલના પ્રેરિતોને જોવાનું વલણ ધરાવે છે. જ્યારે તેઓ સર્વ તે ઓરડીમાં ભેગા થયા હતા ત્યારે પવિત્ર આત્માનાં રેડાવવાંથી તેઓ ભરપૂર યઇ ગયા. "ત્યારે આકાશમાંથી એકાએક ભારે આંધીના ઘુઘવાટ જેવો અવાજ આવ્યો, અને તેઓ જ્યાં બેઠા હતા તે આખું ઘર ગાજી રહયું. અગ્નિના જેવી છૂટી છુટી પડતી જીભો તેઓનાં જોવામાં આવી; અને તેઓમાંના દરેક ઉપર એક એક બેઠી. તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા અને આત્માએ જેમ તેઓને બોલવાની શક્તિ આપી તેમ તેઓ અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યાં." (પ્રેરિતોનાં કૃત્યો ૨:૨-૪). આ પવિત્રઆત્માનું રેડાવું તે તો એક વચન પરિપૂર્ણ થવાનું હતું જે યોએલ ૨:૨૮, ૨૯ માં આપવામાં આવ્યું હતું. સર્વ ૧૨૦ જણા જે તે ઘરમાં ભેગા થયા હતાં, તેઓ અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યા અને જે લોકો તેમની આસપાસ ભેગા થયા હતા, તેઓ ઘણા વિસ્મય પામ્યા. પ્રેરિતો પવિત્ર આત્માથી ભરપૂર થયા હતા અને લોકોની આગળ ઘણા ચમત્કારો કર્યા. શરૂઆતની પલાયનવાદી મંડળી ચમત્કારોથી ભરાઈ ગઈ હતી. તેઓએ પવિત્ર આત્માનાં સંપૂર્ણ સામર્થ્યનો અનુભવ કર્યો હતો. ઇશ્વર આ છેલ્લા દિવસોમાં તેમનો આત્મા રેડી દેવા માટે વિશ્વાસું છે.

ઇશ્વર આપણને ખરેખર જે બતાવવા માંગે છે તે હઝકિયેલના વહેતાં પાણીનાં દર્શનમાં છે. (હઝકિયેલ ૪૭:૧). આ પાણીનું વધનારૂં વહેણ તો પચાસમા દિવસનું ચિત્ર છે જ્યારે શિષ્યોને પવિત્ર આત્મા આપવામાં આવ્યો હતો. આ જીવનના પાણીની નદી સાથે પવિત્ર આત્મા છે, ત્યારે પચાસમો દિવસ, ઇશ્ચરની હાજરીની, તેના સર્વ ગૌરવ અને અભિવ્યક્તિ સાથે, સામર્થ્યવાન શરૂઆત હતી. જેમ જેમ પ્રબોધક નદીની મધ્યે ચાલે છે, તે ઊંડી ને ઊંડી થતી જાય છે અને અંતે તરી શકાય એટલી ઊંડી!

ચર્ચના અસ્તિત્વના શરૂઆતની કેટલીક સદીઓ સુધી ઇશ્વરના લોકોને સતાવવામાં આવ્યા હતા અને ગુલામ બનાવવામાં આવ્યા હતા. અને જ્યારે સમ્રાટ કોન્સ્ટનટાઈન સત્તામાં આવ્યો, ત્યારે તેણે સર્વ સેવકોને અને વિશ્વાસીઓને છોડ્યા, જેઓને ગુલામ કરવામાં આવ્યા હતા. તેણે ખ્રિસ્તી ધર્મને સામ્રાજ્યનો સત્તાવાર ધર્મ જાહેર કર્યો હતો.

તો પણ, હકીકત એ છે કે તે વર્ષોમાં મંડળીની સતાવણી ઘણી વધી હતી. તેથી જ જ્યારે નદી વધુ ઊંડી થાય છે ત્યારે સંતો ઇશ્વરના વચનોમાં અને ખ્રિસ્તના પ્રકટીકરણમાં વધુ વધતા જાય છે.

માર્ટીન લ્યુથર એક અન્ય પાત્ર હતું જેણે ખ્રિસ્તના શરીરને નવા વહેતા વિશ્વાસમાં આણ્યો. સુધારણનાં સમય દરમિયાન જે પાણી વહેતું હતું, તે ઇશ્વરનાં લોકોનાં કમર સુધી વધ્યું અને એમ તેઓ વધસ્તંભના પ્રકટીકરણમાં વધુ વધ્યા અને ખ્રિસ્તના સામર્થ્ય અને ગૌરવની સમજ વધુ ઊંડાણથી મેળવી.

## જીવનની નદી ઇશ્વરના આગમન પહેલા જ મુગટ બનશે.

આ હઝકિયેલના દર્શનમાં ભાખવામાં આવ્યુ છે. ઇશ્વર પ્રબોધકને વિસ્મયકારી સફરે લઈ જાય છે. માપવાની દોરી સાથે લઈને, ઇશ્વર અંદાજે, હજાર હાથનાં અંતર સુધી ગયા, જે માઈલનો એક તૃત્યાંસ ભાગ છે. તે અંતરે, ઇશ્વરે અને હઝકિયેલે પાણીમાં ચાલવાનું શરૂ કર્યુ. તે સ્થળે પાણીનું વહેણ ઘુંટીસમા હતું અને ઇશ્વરે પ્રબોધકને હજી આગળ ચલાવ્યો, વધું ઊંડુ અને હજી પાણીમાં આગળ. બીજા હજાર હાથો પછી, પાણી તેમનાં ઘુંટણસમાં હતા.

અને હઝકિયેલ કહે છે જ્યારે તે આ માપની ધારે આગળ વધ્યો, પાણી તેને માટે ઘણું ઊંડુ હતું, વધું ડુબામણું. "હું તેમાં થઈને જઈ શકું નહિ; કેમ કે પાણી વધીને ડુબામણાં થઈ ગયાં હતાં, ને નદી પાર ઉતરાય એવી નહોતી." (હઝકિયેલ ૪૭:૫).

યશાયા પ્રબોધકને આજ નદીનું દર્શન થયુ હતું જે હઝકિયેલના દર્શનમાં બતાવવામાં આવી હતી. તો પણ યશાયા જોઈ શકયો, પ્રબોધકના અનુસાર, પાછલા દિવસોમાં ઇશ્વરના લોકો સર્વ શેતાની હુમલાઓ સામે મોટા રક્ષણનો આનંદ લઈ શકશે.. "હાલેસાંવાળી નાવ તેમાં જનાર નથી ને શોભાયમાન વહાણ તેની પાર જનાર નથી," (યશાયા ૩૩:૨૧). યશાયા અહીં ગુલામોને લઈ જનાર યુદ્ધજહાજો વિશે

કહી રહયો હતો. તે આપણને શત્રુનું ચિત્ર બતાવે છે, શેતાન કે તે જેઓ મોટા પાણીમાં તરે છે ત્યારે તેમના પર હુમલો કરવાનો પ્રયત્ન કરે છે. અને આ સંપૂર્ણ મુંઝવણનું ચિત્ર છે.

ઇશ્વર આ ફકરામાં આપણને સ્પષ્ટ ચોખ્ખુ કરે છે. તેમનાં જીવતા પાણી શેતાન માટે હદ-બહાર છે. “જેઓ મારા જીવના તરસ્યા છે તેઓ ફજેત થઈને આબરૂહીન થાઓ; જેઓ મારૂં નુકસાન તાકે છે તેઓ પાછા હઠો અને વીલા પડો. તેઓ પવનથી ઊડતાં ફોતરાંના જેવા થાઓ, અને યહોવાનો દૂત તેઓને હાંકી કાઢો. તેઓનો માર્ગ અંધકારમય તથા લપસણો થાઓ અને યહોવાનો દૂત તેઓની પાછળ ધાઓ.” (ગીતશાસ્ત્ર ૩૫:૪-૬).

## આત્મિક મરણમાંથી સજીવતા

“...જ્યાં જ્યાં તે નદી ગઈ છે ત્યાં દરેક વસ્તુ સજીવન થશે.” (હઝકિયેલ ૪૭:૯).

જ્યારે હઝકિયેલ નદીને કિનારે પાછો આવે છે, તે આશ્ચર્યચકિત થઈને ઊભો રહી જાય છે. જેમ તે પાછળ જુએ છે, તે જુએ છે નદીને બન્ને કાંઠે “ઘણા જ વૃક્ષો” હતા. આ વૃક્ષોને વહેતા પાણીઓથી સજીવન કરવામાં આવ્યા હતા. તેઓને એવા પાન હશે જે ક્યારે પણ કરમાશે નહિ અને તેમનાં ફળો, અદ્‌ભુત સાજા કરનારા હશે. આ ઊંચા ફળો આપનાર વૃક્ષો પર દરેક જગ્યાએ જીવન પાંગર્યુ હશે.

હા, ઇશ્વરની નદી જ્યાં કંઈ તે જશે ત્યાં જીવન લાવશે. તો પણ આ છેલ્લા દિવસોમાં આપણે સાથે સાથે મરણનું પૂર પણ જોઈશું.

ભયાનક રોગોથી ઘણા મરણ.

ઘણાંનો પ્રેમ પણ મરણ પામશે. ઇસુના વચન અનુસાર, “ઘણાખરાનો પ્રેમ ઠંડો થઇ જશે.” (માથ્થી ૨૪:૧૨).

પાઊલ ઉમેરે છે કે ઘણા હાંસી કરનારા આવશે., ખ્રિસ્તના પરત આવવાનાં સંદેશાની સાથે મજાક ઉડાડતા. તેઓ તેમના આગમન માટેના બીજા સંતોના આશાવાદી અપેક્ષા પર પૂર્ણ વિરામ મુકશે. તેમની મજાક નૈતિકતાને મારશે અને પુષ્કળ પાપ ફેલાવશે.

ખોટા પ્રબોધકો મરણના સિધ્ધાંતોનો ફેલાવો કરશે. “પણ દુષ્ટ માણસ તથા ધુતારાઓ ઠગીને તથા ઠગાઈને વિશેષ દુરાચાર કરતા જશે.” (૨ તિમોથીને પત્ર ૩:૧૩). હવે આત્મિક મરણ પણ સર્વ ધર્મપ્રેમી મંડળીમાં / ચર્ચમાં ફેલાયેલું છે.

તો પણ, સર્વ મૃત્યુ અને વિનાશની વચ્ચે જે આપણે થતું જોઈ રહયા છીએ, હું ઇશ્વરની ભવિષ્યવાણી મારા આત્મામાં ધ્રુજતાથી સાંભળુ છું. “મારી નદી ઉભરાતી જાય છે અને જ્યાં મારી નદી વહે છે ત્યાં બધું જ રહેશે.”

તમારા પરિવાર વિશે શું છે? શું તમારા પરિવારમાં મુંઝવણ વસે છે? શું તમે તમારા વહાલાઓની મધ્યે મૃત્યુનો હાહાકાર જોઈ રહ્યા છો? શું દરેક બાબત તમારા માટે નિરાશાજનક છે? આપણા આશીર્વાદિત ઇશ્વરના આ વચનને પકડી રાખો: તેઓ સાજાપણું પામશે અને જ્યાં જ્યાં નદી આવે છે ત્યાં દરેક વસ્તું જીવશે.

તમે જાણતા નથી ઇશ્વર આ બધું કેવી રીતે પરિપૂર્ણ કરશે. પણ જો તેઓ કહે છે કે નદી ઉભરાશે અને જેઓ બધા તેને સ્પર્શ કરશે તેઓ સજીવન થશે, તો આપણે તેમનામાં વિશ્વાસ કરવો જોઈએ. ચોક્કસ તેઓ આ કરી શકે છે.

## કેટલાક રહી જશે

જેઓ આ અદ્‌ભુત નદીના સજીવતાથી રહી જશે, તેઓને “મીઠાને સોંપાશે. પણ તેની કાદવવાળી તથા ભીનાશવાળી જગાઓ મીઠી થશે નહિ, ત્યાં મીઠું પકવવામાં આવશે.” (હઝકિયેલ ૪૭:૧૧).

હઝકિયેલ કાદવ અને ખાબોચિંયાનું વર્ણન કરે છે જે ગંદકી અને ભેજથી ભરાયેલું છે. જ્યારે નદી આ ભેજવાળી જમીન પર ફરશે, તેઓ સાજા થયા નથી.

આખરે, નદી તેમને સંપૂર્ણપણે પસાર કરશે, તેમને સૂકા છોડીને તેઓ પર મીઠું ફેરવશે.

જૂના કરારમાં, મીઠું તો વિદ્રોહ અને ઉજ્જડતાનું પ્રતીક છે. હઝકિયેલે વર્ણવેલું ભેજવાળું મીઠું અહીં ઇશ્વરનાં લોકોનું પ્રતિનિધિત્વ કરે છે જેઓ ઊંડાણનો અનુભવ કરે છે પણ બદલાતા નથી. આવા લોકો પાપ અને મરણ પર કદાચ રડશે પણ તેઓ ઇશ્વરના વચનની આજ્ઞા પાળશે નહિ, તેમના જીવનને શોધવા માટે. તેઓ વચનો અને ઠરાવો કરશે બદલાવવા માટે, પણ તેઓને પાળશે નહિ. યશાયા આનો પડઘો પાડે છે જ્યારે તે લખે છે, “પણ દુષ્ટો તોફાની સમુદ્રના જેવા છે; કેમ કે તે શાંત રહી શકતો નથી, જે તેનાં પાણી કીચડ અને કાદવથી ડહોળાં, થાય છે.” (યશાયા ૫૭:૨૦).

આ લોકો ખ્રિસ્તીઓ તરીકે પોતાનો ખુલ્લી રીતે દાવો કરશે. અને તેઓ ઇશ્વરીય ઠપકાથી ડુબેલા છે. પવિત્ર આત્માએ તેમના આત્માઓનાં મૃત્યુને ડુબાવ્યા છે અને તેમને જીતવાનો પ્રયત્ન કર્યો છે. પણ તેઓ બદલાયેલા વગર રહયા છે. તેઓ જીવનની નદીમાં ઊભા છે પણ તેઓએ તેને તેમના આંતરિક બાબતને સ્પર્શ કરવાની પરવાનગી આપી નથી.

પરિણામ સ્વરૂપ, ઇસુનું જીવન તેમની પાસેથી આગળ વધતું નથી. તેને બદલે, તેમના પેટમાંથી સતત કુથલીનો પ્રવાહ, ખુશામતો, જૂઠાણા અને વિકૃતિઓ વહે છે. ઊલટું, તેમની આસપાસની દરેક બાબત કલહ અને કડવાશથી સ્પર્શાય છે. તેઓ પોતાની દયામાં ડુબી જાય છે. તેઓ બીજાઓમાંના ઇશ્વરનાં કામ બાબત સતત ફરીયાદ અને સવાલ કર્યા કરે છે. તેઓ જીવનનો દાવો કરે છે. પણ તેઓ ગંદકીના કાદવમાં ફસાઈ ગયા છે. તેઓ આત્મિક અનુકરણો છે, તેમની આસપાસ મૃત્યુનો ફેલાવો કરતા.

પિતરના શબ્દોમાં, તેઓ “પાણી વગરના ઝરા” થયા છે. (૨ પિતરનો પત્ર ૨:૧૭). હઝકિયેલના અનુસાર, “તેમને મીઠાંને સોપવામાં આવશે.” આ તો કડવાશનો શ્રાપ છે, તેમને ફળ વગરના જીવનમાં ઉતારતા નકામા બનાવતા. તો પણ હજુ તેઓ તેમના બળવામાં અડગ ઊભા છે, વિનાશક ગથી ભરપૂર.

દુ:ખદ રીતે, ઇશ્વર તેમની જીવનની નદી પૂર્ણ રીતે તેમની આસપાસ વહેવા માટે વાળશે. અંતે, તેઓ આંધળા થઈ જશે, જે જોખમમાં તેઓએ પોતાને મુક્યા છે તેની તરફ તેઓ લાગણીશૂન્ય બનશે. અને જ્યારે પવિત્ર આત્મા તેમની પાસેથી જતો રહશે, ત્યારે બરબાદી તેમની આસપાસ ઘેરાતા, તેઓ છેતરાયેલા,

"શાંતિ, શાંતિ" એમ પોકારતા તરછોડાય જશે.

હઝકિયેલ નક્કી અવિશ્વાસમાં હશે જ્યારે તે મૃત્યુના ભાગો જોતો હશે. તેણે જોયું કે જ્યાં જ્યાં નદી વહેતી હતી તેના કાંઠાઓ પર ત્યાં જીવન પાંગરતું હતુ, પણ એ મૃત્યુના ભાગો ઉજ્જડ અને સૂકાપણાથી સફેદ રહયા હતા.

ખ્રિસ્તનો કોઈપણ અનૂયાયી કેવી રીતે આવી પરિસ્થિતીમાં આવે? કોઈ પણ સેવક કેવી રીતે આટલો ખાલી, સૂકો અને જીવન આપનારી નદીથી અલગ થઈ જાય?

પિતર સમજાવે છેઃ "દૈહિક વિકારો પ્રમાણે ચાલે છે ને પ્રભુના અધિકારને તુચ્છ ગણે છે તેઓને ન્યાયકાળ સુધી શિક્ષાને માટે રાખી મૂકવાનું તે જાણે છે. તેઓ ઉધ્ધત તથા સ્વચ્છંદી થઈને અધિકારીઓની નિંદા કરતા ડરતા નથી.. કારણ કે એક વાર ન્યાયીપણાનો માર્ગ જાણ્યા પછી તેઓને જે પવિત્ર આજ્ઞા આપવામાં આવી તેથી પાછા ફરવું, એ કરતાં તેઓ તે માર્ગ વિષે અજાણ્યા રહયા હોત તો સારૂં હોત." (૨ પિતરનો પત્ર ૨:૧૦-૨૧).

આ દુર્ઘટનાનો દુઃખદ ભાગ તો એ છે કે મોટા ભાગના આ સૂકા કુવાઓ કોઈક સમયે જીવતા પાણીનાં ઝરાઓ હતા. કોઈક સમયે તેમના જીવનો સાજાપણા અને આશીર્વાદથી ભરેલા હતા. પણ હવે તેમણે કડવાશ, નફરત અને મરણ બહાર કાઢ્યા છે.

જ્યારે નદી તમારી આસપાસ વહેતી હશે ત્યારે જો તમે જક્કી કડવાશમાં સપડાયેલા હશો, તો તમારી જાતને તેમાં રહેવા ન દો. તેને બદલે ઇશ્વરને તેમના જીવતા પાણીથી તમારા પેટ ભરાવા દો. તમે તે અનુભવશો નહિ, પણ આપણા પ્રભુના સાક્ષાત્કારનો પ્રવાહ તેના માર્ગ પર છે. અને તે કોઈ પણ દેહને પુરૂ કરવાનું બંધ કરશે નહિ.

તેથી, હઝકિયેલને જે દર્શન બતાવવામાં આવ્યું હતું તેની વિશાળતા વિશે શું તમે સમજી શકો છો? જૂના કરારનાં પ્રબોધકો તે જોઈ શકયા નહિ. પણ પવિત્ર આત્મા મારફત, તેમની અતિશય મહાનતા જોવા માટે ઇશ્વરે આપણને આંખો આપી છે. અહીં તમે છોઃ જીવનની નદી આવી રહી છે"! ♦♦♦

**જોઈએ છે**

અમને એવા લોકોની જરૂર છે જેઓ અંગ્રેજી અથવા હિન્દી અથવા બન્ને ભાષાઓના જાણકાર હોય, સંગણકમાં કુશળતાની કામગીરી સાથે. કામનું સ્થળ છે ચેન્નાઈ ખાતેનું મુખ્ય કાર્યાલય. માસિક વેતન આપવામાં આવશે. અમારો સંપર્ક કરો.

– સંપાદક


# NEHEMIAH BIBLE COLLEGES

**ECHO OF HIS CALL MINISTRIES** (ESTD.: 1969)

**Affiliated to Hindustan Bible Institute & College (HBI), Chennai**

&

**Recognised by the International Christian Leaders & Senior Pastors for the 50 Years! Hundreds of candidates benefitted!!**

**RESIDENTIAL COLLEGE, Velachery**
**(Medium: English & Hindi)**
Course : Diploma in Theology,
Qualification : 10th Standard
Period : One year (with field and administrative trainings)

Golden Opportunity!

Don't miss!!

God is Calling you!!!

**EVENING COLLEGE, Chepauk & Santhoshapuram**
**(Medium : Tamil)**
Course : Diploma in Theology
*Monday, Tuesday & Thursday 6.30 PM to 8.30 PM*
(Evening Classes - Chepauk)
Qualification : 10th Standard
Period : One year (with special Seminars on holidays)

**Pastor S. Sam Selva Raj, Founder-President**

**For more details & application forms please contact :**

NEHEMIAH BIBLE COLLEGES

10, Mohammed Abdullah 2nd Street, Bells Road, Opp. Cricket Stadium, Chepauk, Chennai - 600 005, India.

**Phone : (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766, Cell No : (+91) 98410 71852, 95661 31858**

**E.mail : sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in Websites : www.echoofhiscall.org / www.echoofhiscall.com**



# ખાડામાંથી મહેલમાં

(Life experiences of Pastor S. Sam Selva Raj)

*"whoever reads, let him understand"* (Matthew 24:15)

**"જેમ ગરૂડ પોતાના માળાને હલાવે છે, અને પોતાના બચ્ચાં ઉપર પાંખો ફફડાવે છે, તેમ તેણે પોતાની પાંખો ફેલાવીને, તેઓને પોતાની પાંખો ઉપર ઊંચકી લીધા."** (પુનર્નિયમ ૩૨:૧૧)

મારી શરૂઆતની મિનિસ્ટ્રીયલ મુસાફરી દરમિયાન મારે વ્યક્તિગતરીતે ઘણી જાતની સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. શેતાન મારી સર્વ પરિસ્થિતિઓ, મિત્રો, સંબંધીઓ વગેરેનો મારા જીવન પર હુમલા કરવા ઉપયોગ કરી રહયો હતો. પણ મારી સર્વ વિપરીત પરિસ્થિતિઓમાં, હું મારા જીવનમાં ઇશ્વરનો હાથ જોઈ શકતો હતો.

રાજકીય અને ધાર્મિક પરિસ્થિતિઓને કારણે મને આત્મિક પ્રવૃત્તિઓ ચેન્નાઈ શહેરની એક જગ્યામાં કરવા પરવાનગી આપવામાં આવતી ન હતી કારણ કે મને એકલ વ્યક્તિ તરીકે ઓળખવામાં આવ્યો હતો અને નાણાકીયરીતે હું ઘણો ગરીબ હતો. મારે ઘણુ વણકહેલું દબાણ અને પરેશાનીઓનો સામનો કરવો પડતો હતો. એક બાજુએ મારે મારી મિનિસ્ટ્રીમાં આગળ વધવું હતું અને બીજી તરફ મારા જેવા જુવાન માણસ માટે મુશ્કેલીઓ અને અડચણો ઘણી હતી.

આવી પરિસ્થિતિમાં, ઇશ્વર એક વડિલ વ્યક્તિ શ્રી. જે આર સોન્દારાજને મારા જીવનમાં લાવ્યા. તેઓ એક અદ્‌ભુત પ્રેમાળ અને કાળજી લેનાર વ્યક્તિ હતા. તેઓ મને બે દિવસમાં એક વાર તો મળતા હતા, મારા માટે પ્રાર્થના કરતા, મને સલાહ આપતા, મને ઉત્તેજન આપતા અને મને સહાય કરતા. તેમના પ્રભુ માટેના અને તેમના બાળકો માટેના પ્રેમ અને સમર્પણને કારણે હું તેમના પર સંપૂર્ણ આધાર રાખતો હતો. તેઓને એક આશીર્વાદિત પરીવાર હતો, પત્નિ અને બાળકો સાથે. તેઓ તેમના બાળકોને ઇશ્વરના સાનિધ્યમાં ઉછેરી શકયા હતા. તેઓએ પોતાને એક જીવંત સાક્ષી પુરવાર કર્યા હતા. હું તેમમાં પ્રેમ અને કાળજીને કારણે તેમની સંગતમાં ઘણો ખુશ હતો.

અચાનક, તેઓ માંદા પડ્યા અને પ્રભુ પાસે જતા રહયા. હું ફરીથી એકલો પડી ગયો. તે સમયે મને કોઈ સાચા મિત્રો ન હતા. હું તેમના માટે ઘણા દિવસો સુધી શોક કરતો હતો.

એક દિવસ જ્યારે હું ઘણા બોજ સાથે પ્રાર્થના કરતો હતો, ઇશ્વરે મને તેમના સામર્થ્યમાં ઉત્તેજન આપ્યું અને મને ઊંચકી લીધો અને મને શીખવ્યું કે કેવી રીતે આપણા સર્વ બોજ તેમના પર નાખવાના. (૧ પિતરનો પત્ર ૫:૭, ફિલિપ્પીઓને પત્ર ૪:૬, ગીતશાસ્ત્ર ૫૫:૨૨) મેં આ વિષય પર ઘણી વખત સંદેશો આપ્યો હતો પણ હું તે મારા જીવનમાં જ્યારે મને જરૂર હતી ત્યારે કરી શક્યો ન હતો.

તેથી હું એક દિવસ અને એક રાત ઇશ્વરની સમક્ષ બેઠો અને મારો સર્વ બોજ તેમના પર કેવી રીતે નાખવો તે વિશે મને શીખવવા તેમને વિનંતી કરી. મેં ઇશ્વરનો આભાર માન્યો અને તેમની સ્તુતિ કરી. તેમણે મને ખાસ સામર્થ્ય આપ્યું તેમનામાં વિશ્વાસ કરવા કે તેઓ મારા ખરા મિત્ર, સલાહકાર અને પુરૂ પાડનાર છે જે અવર્ણનીય અને સમજાવી ન શકાય એવું છે. ઘણા વર્ષો વીતી ગયા પણ જે આત્મિક સામર્થ્ય મેં તે ચોક્કસ દિવસે મેળવ્યું હતું તે હજુ મારા જીવનને નિયંત્રિત કરી રહયું છે. "જો કે તે પડી જાય, તો પણ તે છેક જમીનદોસ્ત થશે નહિ; કેમ કે યહોવા તેનો હાથ પકડીને તેને નિભાવશે." (ગીતશાસ્ત્ર ૩૭:૩૪). હવે હું જુદી જુદી જાતના લહેરોનો અને ભરતીઓટનો મારા જીવનમાં સામનો કરી શકું છું.

વહાલા મિત્ર, શું તમે કોઈ નુકસાનને કારણે તમારા જીવનમાં અસુરક્ષિતતા અનુભવો છો? શું તમે તમારી અત્યારની પરિસ્થિતિ માટે ચિંતિત છો? જો તમારા પગલા ઇશ્વરની આજ્ઞા મુજબ હશે, તો તેઓ નક્કી તમને તમારા માર્ગોમાં આનંદનું કારણ બનશે. (ગીતશાસ્ત્ર ૩૭:૨૩) ♦♦♦


## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે એક પત્રવ્યવહાર અભ્યાસક્રમ રજુ કરીએ છીએ જે બાઈબલના મળભૂત સત્યો વિશે છે જે નવા ખ્રિસ્તીઓ અને બીન-ખ્રિસ્તીઓ માટે અંગ્રેજી, હિન્દી અને તામિલમાં ચાલે છે. તમે અભ્યાસક્રમનું પુસ્તક કે જેનુ મથાળું-"નવુ જીવન-તમારા માટે" છે અને જે ૭૦ પાનાનું છે, તે મેળવી શકશો. અભ્યાસક્રમ પૂર્ણ થયા પછી, તમને એક પ્રમાણપત્ર મળશે. **આ માટે શુલ્ક ફી ફરજીયાત નથી.** આ અભ્યાસક્રમ ફક્ત ભારતમાં રહેતા ઉમેદવારો માટે જ છે.

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અદ્યતન અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** કહેવાય છે, તે પાળકો માટે, સુવાર્તિકો માટે અને ખ્રિસ્તી આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક આના માટે લેવામાં આવે છે. સાત પુસ્તકો, ૧૪૨ પ્રકરણો સાથે આપવામાં આવે છે. **મિનિસ્ટ્રીમાં પ્રમાણપત્ર** આપવામાં આવશે.

**વધુ જાણકારી માટે અમારા પર લખો**

The Chairman, Nehemiah Bible College, Echo of His Call
10, Mohammed Abdullah 2nd Street, Opp. Cricket Stadium,
Chepauk, Chennai - 600 005, India.
**Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766, Cell : (+91) 98410 71852 95661 31858. E-mail : biblecor@yahoo.co.in**

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/18-20 WPP NO. TN/PMG(CCR)/WPP-216/18-20

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-**

**આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાકીય મદદો (ડી.ડી.દ્વારા, ચેક, મનીઓર્ડર દ્વારા વગેરે) **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલા સરનામા પર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

**ECHO OF HIS CALL**
10, Mohammed Abdullah 2nd Street, Chepauk,
Chennai - 600 005, India
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell: (+91) 98410 71852, 95661 31858
E-mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.echoofhiscall.com

**YOU CAN SEND YOUR DONATIONS ON ONLINE ALSO**

## અમારા મુખ્યાલયોમાં થતા સેવાકાર્યો માટે કૃપાકરીને પ્રાર્થના કરો

૧. પ્રાર્થના સેવા : ૨૪ કલાક
૨. **બાઈબલકોર-** બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો
૩. **ઇકો ઓફ હીજ કોલ** - માસિક સામાયિક:
અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલગુ, હિન્દી, કન્નડ, મરાઠી, ગુજરાતી,
બંગાલી, ઓરીયા, નેપાળી, આસામી, પંજાબી, ઉર્દુ, સિંહાલી અને આફ્રિકન્સ.
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો (બે કેન્દ્રો)
૫. ઈશ્વરવિદ્યા પત્રવ્યવહાર અભ્યાસક્રમો : અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો (પાળકોનું નેટવર્ક)
૭. પ્રશિક્ષણ કાર્યક્રમ
૮. ધર્મસભાઓ
૯. સાહિત્યક વહેચણી અને ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનુ
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળા : ગ્રામિણ અંગ્રેજી શાળા
૧૨. શાબ્બાથ શાળાઓ : સવારે ૮.૩૦ થી સાંજે ૪.૦૦ સુધી રવિવારે
૧૩. તામિળ ભજનસેવા : સવારે ૫.૩૦, સવારે ૭.૦૦ અને સવારે ૧૦ વાગે રવિવારે.
૧૪. મલયાલમ ભજનસેવા : રવિવારે બપોર ૨.૦૦ વાગે
૧૫. તેલગુ ભજનસેવા : રવિવારે બપોર ૪.૦૦ વાગે
૧૬. હિન્દી ભજનસેવા : રવિવારે સાંજે ૫.૦૦ વાગે
૧૭. અંગ્રેજી / તામિલ ભજનસેવા : રવિવારે સાંજે ૬.૦૦ વાગે
૧૮. પાળકોનું કાંઉન્સલિંગ : રવિવારે બપોર ૪.૦૦ વાગે
૧૯. સ્ત્રીઓની પ્રાર્થના : બુધવારે સાંજે ૫.૩૦ વાગે
૨૦. મધ્ય આઠવાડિક બાઈબલ અભ્યાસ : બુધવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. પુરૂષોની પ્રાર્થના : શુક્રવારે સાંજે ૭.૦૦ વાગે
૨૨. કર્મચારીઓની સભા : શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૩. ઘર સભાઓ : સોમવારે અને મંગળવારે સાંજે ૬.૩૦ વાગે
૨૪. ખાસ પવિત્ર પ્રભુભોજન : દર મહિનાના પહેલા દિવસે સવારે ૫.૩૦ વાગે
૨૫. સેવકોની સમીક્ષા સભા : પહેલા શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૬. માતાપિતાઓની પ્રાર્થના : પહેલા રવિવારે બપોરે ૪.૦૦ વાગે
૨૭. રાત્રી પ્રાર્થના : બીજો શુક્રવાર રાત્રે ૯:૩૦ વાગે
૨૮. ઉપવાસસાથે પ્રાર્થના : બીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૯. પવિત્ર પ્રભુભોજન : બીજા રવિવારની ભજનસેવા દરમિયાન
૩૦. સવારનું મનન : દરરોજ સવારે ૫.૩૦ વાગે
૩૧. કર્મચારી મનન : દરરોજ સવારે ૯.૦૦ વાગે
૩૨. કાર્યાલય : દરરોજ સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ સુધી (રવિવારે બંધ)

**અમારી બેન્ક ખાતાની જાણકારી નીચે મુજબ છે મહેરબાની કરીને તમારા રકમની વિગતો અમને જણાવો.**

**The details of our Bank Accounts are given below. Please inform us the details of your remittances.**

| Bank | Branch | Name | IFSC Code No. | Account Number |
|---|---|---|---|---|
| 1. STATE BANK OF INDIA | Triplicane, Chennai -5 | S. Sam Selva Raj | SBIN 0000249 | 102329 34679 |
| 2. ICICI BANK | Anna Salai, Chennai -2 | Echo of His Call | ICIC 0006038 | 6038 05022319 |

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/18-20
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/18-20
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS / 1 Patrika Channel"
on 16th JUNE 2020
If un-delivered please return to:
ECHO OF HIS CALL (GUJARATI)
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from No.18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers** No. 18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**